# રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો

મુંબઈ,તા. ૨૮

શેરબજાર, ઉદ્યોગજગત અને અન્ય આર્થિક નિષ્ણાંતો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. રિઝર્વ બેંકે રેપો રેટ ૭.૭૫ ટકાથી વધારીને ૮ ટકા કરી દીધો છે. જ્યારે રિવર્સ રેપોરેટ ૬.૭૫ ટકાથી વધારીને ૭ ટકા કરી દેવામાં આવ્યો છે. સીઆરઆરને યથાવત ચાર ટકા રાખવાનો નિર્ણય કરાયો છે. આવી જ રીતે બેંક દર પણ ૮.૭૫ ટકાથી વધીને ૯ ટકા થઈ ગયો છે. માર્જિનર સ્ટેન્ડીંગ ફેસિલીટી (એમએસએફ)માં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે જેથી એમએસએફ નવ ટકા થઈ ગયો છે.

આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજનના પગલાથી ઘણા કારોબારીઓ આશ્ચર્યચકિત થયા હતા. ગયા સપ્તાહમાં કરવામાં આવેલા પોલમાં મોટાભાગના આર્થિક નિષ્ણાંતોએ એવો મત આપ્યો હતો કે રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં પરંતુ આરબીઆઈના ગવર્નરે તમામની ગણતરી ઊંધી વાળી દઈને પોલીસી રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો હતો. જો કે રિઝર્વ બેંકની પેનલે મુખ્ય ફુગાવા બેન્ચમાર્ક તરીકે કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ બનાવવા સૂચન કર્યા બાદથી રેટમાં વધારો થશે તેવી અપેક્ષા વધી રહી હતી. સીઆરઆરનો દર યથાવત્ રાખવામાં આવ્યો છે. રિવર્સ રેપોરેટ ૬.૭૫ ટકાથી વધીને ૭ ટકા થઈ ગયો છે આવી જ રીતે બેંક દર ૮,૭૫ ટકાથી વધીને નવ ટકા થઈ ગયો છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે વર્ષ ૨૦૧૪માં જીડીપી ગ્રોથ રેટ પાંચ ટકાની આસપાસ રહી શકે છે. નાણાંકીય નીતિની તેની ત્રીજી ત્રિમાસિક સમીક્ષા આરબીઆઈએ આજે જારી કરી હતી. રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યાના એક મહિના બાદ સીપીઆઈ ફુગાવો ડિસેમ્બર મહિનામાં ૯.૮૭ ટકાની ત્રણ મહિનાની નીચી સપાટીએ પહોંચી હતી જે એક મહિના અગાઉ ૧૧.૧૬ ટકા હતો. જ્યારે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) ફુગાવો ડિસેમ્બર મહિનામાં પાંચ મહિનાની નીચી સપાટીએ ૬.૧૬ ટકા સુધી પહોંચ્યો હતો જે અગાઉના મહિનામાં ૭.૫૨ ટકા હતો. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને આરબીઆઈએ આજે તેની પોલીસી સમીક્ષા જારી કરી હતી. ગઈકાલથી જ પોલીસી સમીક્ષાને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો હતો. આરબીઆઈની પોલીસી સમીક્ષા જારી કરવામાં આવ્યા બાદ તમામ નિષ્ણાંતોએ પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. આરબીઆઈની પોલીસી સમીક્ષા ઉપર છેલ્લા કેટલાક દિવસથી તમામની નજર હતી.



## સૂચિત ચૂંટણી સુધારા અંગે પક્ષોનું ખૂબ ઉદાસીન વલણ

નવી દિલ્હી,તા. ૨૮

વર્તમાન ચૂંટણી કાયદાઓમાં સુધારા કરવાના સંદર્ભમાં અભિપ્રાય આપવાની માંગ કરીને ગયા વર્ષે રજુ કરવામાં આવેલા પેપર અંગે રાજકીય પક્ષો તરફથી નબળો પ્રતિસાદ મળતા કાયદાપંચમાં નારાજગીનું મોજુ ફરી વળ્યુ છે. સૂચિત ચૂંટણી સુધારાના સંદર્ભમાં મોટા ભાગના પક્ષો તરફથી કોઈ સારો પ્રતિસાદ મળ્યો નથી. કમિશનના ચેરમેન જસ્ટિસ(નિવૃત્ત) અજિત પ્રકાશ શાહે કહ્યુ છે કે કોંગ્રેસ એક માત્ર એવી રાજકીય પાર્ટી છે જે મે ૨૦૧૩માં તેનો જવાબ આપી ચુકી છે. અન્ય પક્ષોનું ઉદાસીન વલણ રહ્યુ છે. કર્ણાટકમાં જનકલ્યાણ પાર્ટીએ પણ તેનો જવાબ આપ્યો છે. લોકસભા અને રાજ્યસભામાંથી ચાર-ચાર સાંસદોએ પેપર અંગે તેમના જવાબો આપ્યા છે. ૧૨૩ વ્યક્તિગતો અને ૨૧ સંસ્થાઓએ પણ આ પેપરનો જવાબ આપ્યો છે. જસ્ટિસ શાહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ છેકે પ્રતિસાદ ખૂબજ નબળો રહ્યો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીએ કન્સલ્ટેશન પેપરનો જવાબ આપ્યો નથી કારણ કે જ્યારે આ પેપર જારી કરવામાં આવ્યા ત્યારે તેને રાજકીય પાર્ટી તરીકેની માન્યતા મળી ન હતી. એક પ્રશ્નના જવાબમાં જસ્ટિસ શાહે કહ્યુ હતુ કે ઓપિનિયન પોલ પર પ્રતિબંધ મુકવાનો મુદ્દો તેની સમક્ષ આવ્યો નથી. પરંતુ આ મુદ્દા પર વિચારણા થઈ શકે છે. આ જિટલ મુદ્દા પર નિર્ણય બંધારણની કલમ ૧૯(૧) હેઠળ જોગવાઈને ધ્યાનમાં લઈને કરવામાં આવી શકે છે. પ્રવર્તમાન કાયદામાં મતદાનના ૪૮ કલાક પહેલા ઓપિનિયન પોલ પર પ્રતિબંધ મૂકવા ચૂંટણી પંચને મંજુરી મળેલી છે. ચૂંટણી પંચ, એટર્ની જનરલ અને ભાજપ સિવાયના મોટા રાજકીય પક્ષોએ ઓપિનિયન પોલ પર પ્રતિબંધ મુકવાની હિલચાલને ટેકો આપ્યો છે. તેમણે કહ્યુ છે કે કમિશન એપ્રિલના મધ્ય સુધી ચૂંટણી કાયદાઓમાં સર્વગ્રાહી સુધારા અંગે તેનો અહેવાલ આપી શકશે. એપ્રિલ-મે મહિનામાં લોકસભની ચૂંટણી યોજાઈ શકે છે જેથી ૧૬મી લોકસભા અને માત્ર નવી સરકાર જ આ અહેવાલ અંગે અંતિમ નિર્ણય કરી શકશે.

## તરુણ તેજપાલ પ્રકરણમાં ૫મીએ ચાર્જશીટ રજૂ થશે

નવી દિલ્હી,તા. ૨૮

તરુણ તેજપાલ જાતિય સતામણી કેસમાં ચાર્જશીટ પાંચમી ફેબ્રુઆરી સુધી દાખલ કરવામાં આવે તેવી શક્યતા છે. ચાર્જશીટ દાખલ કરવા માટેની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. જાતીય સતામણી કેસના સંબંધમાં તહેલકાના સ્થાપક તંત્રી તરુણ તેજપાલ સામે ચાર્જશીટ આગામી સપ્તાહ સુધી દાખલ કરી દેવામાં આવશે. આ કેસમાં તપાસ પરિપૂર્ણ થઈ ચૂકી છે તેવો દાવો વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યો છે. ગોવા પોલીસ સમગ્ર મામલામાં તપાસ ચલાવી રહી છે. પુરાવાઓ પણ એકત્રિત કરવામાં આવી ચૂક્યા છે. તપાસ હવે પૂર્ણ થવા આવી છે. ક્રાઈમ બ્રાન્ચના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ૫મી ફેબ્રુઆરી સુધી ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવશે. તહેલકા મેગેઝિનના એક જુનિયર મહિલા પત્રકારે આક્ષેપ કર્યો હતો કે તેજપાલે ગયા વર્ષે નવેમમ્બર મહિનામાં ગોવામાં એક ઈવેન્ટ દરમિયાન ફાઈવ સ્ટાર હોટલની લિફ્ટમાં તેની સાથે જાતીય રીતે છેડછાંડ કરી હતી. સ્થાનિક કોર્ટ દ્વારા તેમના આગોતરા જામીન માટેની અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ ગોવામાં ૩૦મી નવેમ્બરના દિવસે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ દ્વારા ૫૦ વર્ષીય તેજપાલની ધરપકડ કરવામાં આવી હતી. તેજપાલ હાલમાં સાદા સબ જેલમાં છે. કોર્ટે જ્યુડીશીયલ કસ્ટડીમાં તેજપાલને મોકલી દેવાનો આદેશ કર્યો હતો. તપાસ અધિકારી તહેલકાના ભૂતપૂર્વ મેનેજિંગ એડીટર સોમા ચૌધરી તથા તેજપાલની પુત્રી સહિત ઘણા લોકોના નિવેદન નોંધી ચૂકી છે. ગોવા પોલીસ ચાર્જશીટમાં કઈ કઈ બાબતોનો ઉલ્લેખ કરે છે તેને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે.

## દિલ્હીમાં કેજરીવાલ સરકારને એક મહિનો, અનેક કામ બાકી

નવી દિલ્હી,તા. ૨૮

દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકારે આજે સત્તામાં એક મહિનાનો સમય પૂરો કરી લીધો છે. અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં સરકારે દિલ્હીના લોકોને ૧૮ જેટલા વચનો આપ્યા હતા. આ ૧૮ વચનો પૈકી કેટલાક વચનોની દિશામાં પગલાં લેવામાં આવ્યા છે જ્યારે કેટલાક વચનો અધ્ધરતાલ રહ્યા છે. અરવિંદ કેજરીવાલની સરકારમાં રહેલા પ્રધાનોની વ્યાપક ટીકા કેટલાક મુદ્દાઓને લઈને થઈ રહી છે. સરકાર બનવાથી પહેલાં જ આમ આદમી પાર્ટીએ લોકોને ખૂબ જ આકર્ષક વચનો આપ્યા હતા જેમાં ધારાસભ્યો, પ્રધાન અને અધિકારી લાલબત્તીની ગાડીનો ઉપયોગ કરશે નહીં. મોટા બંગલામાં રહેશે નહીં. સિક્યુરીટી રાખશે નહીં. ભ્રષ્ટાચાર સામે કઠોર જનલોકપાલ બિલ પાસ કરવામાં આવશે, દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે. વીજળી કંપનીઓને ઓડિટ કરવામાં આવશે જેવા વચનો આપવામાં આવ્યા હતા. જો કે આ દિશામાં કેજરીવાલ સરકાર આગળ વધી છે પરંતુ કેજરીવાલ સરકારના પ્રધાનોના વર્તનથી સામાન્ય લોકો હવે નાખુશ દેખાઈ રહ્યા છે. સોમનાથ ભારતીને લઈને હોબાળો મચેલો છે.

આ ઉપરાંત કેજરીવાલ પોતે હાલમાં જ રેલ ભવન ખાતે ધરણા ઉપર બેસી ગયા હતા જેથી અંધાધૂધી ફેલાઈ ગઈ હતી અને લોકોએ વ્યાપક ટીકા કરી હતી. કેજરીવાલ સરકારે ભ્રષ્ટાચારની સામે જનલોકપાલ બિલ લાવવાની વાત કરી હતી અને કોંગ્રેસ-ભાજપ બંનેના કૌભાંડોની તપાસ કરવાની વાત કરી હતી. જનલોકપાલ બિલ હજુ પસાર થયું નથી. એમ માનવામાં આવે છે કે બિલ તૈયાર છે. આગામી મહિનામાં રામલીલા મેદાનમાં ખાસ સત્ર બોલાવીને તેને પાસ કરવામાં આવશે. તે પહેલાં આને કેબીનેટ બેઠકમાં પાસ કરવામાં આવશે. દિલ્હીમાં સ્વરાજ કાનૂન સ્થાપિત કરવાની પણ વાત કરવામાં આવી હતી. આને લઈને કામગીરી ચાલી રહી છે. એક કમીટીની રચના કરવામાં આવી છે જે બિલ માટે મુસદા તૈયાર કરવામાં વ્યસ્ત છે. ટૂંકમાં જ આ મુસદાને લોકોની સમક્ષ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ જરૂરી સુધારા થશે. મોહલ્લા સભાઓની રચના હજુ કરવામાં આવી નથી. સાંસદ અને ધારાસભ્ય ફંડને લઈને હજુ સ્થિતિ સ્પષ્ટ થઈ નથી. દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવાના પ્રયાસનું વચન આપવામાં આવ્યું હતું. વીજળી કંપનીઓના ઓડિટના આદેશ આપવામાં આવ્યા છે. ઉપરાજ્યપાલ અને હાઈકોર્ટે આના આદેશ આપી દીધા છે. સબસીડી મારફતે વીજળીની કિંમતમાં ૫૦ ટકાનો ઘટાડો કરવાની ઘોષણા કરવામાં આવી છે. દિલ્હીમાં ઝડપથી દોડી રહેલા વીજળીના મિટરોની ચકાસણી કરવામાં આવશે. કેજરીવાલ સરકારને એખ મહિનાના ગાળામાં કેટલાક મુદ્દાઓ એવા છે જે દિશામાં સરકાર હજુ આગળ વધી શકી નથી જેથી લોકોની અપેક્ષાઓ હજુ પણ અધૂરી નજરે પડી રહી છે.

## ૩૦૦૦ કિલોગ્રામ સોનાની દાણચોરી થયાની કબૂલાત

નવી દિલ્હી,તા. ૨૮

નાણાં પ્રધાન પી ચિદમ્બરમ્ કહ્યું છે કે એક મહિનાની અંદર ૩૦૦૦ કિલો સોનાની દાણચોરી કરવામાં આવી છે. દેશમાં સોનાની આયાત ઉપર ઊંચી ડ્યુટી અને અન્ય નિયંત્રણોના પરિણામ સ્વરૂપે સોનાની દાણચોરીમાં વધારો થયો છે. ૩૦૦૦ કિલો સોનાની દાણચોરી થઈ છે. જો કે નાણાં પ્રધાને વર્તમાન ઊંચી ખાતાકીય ખાદ્ય (સીએડી) ઉપર અંકુશ મૂકવાના હેતુસર સોનાની આયાત ઉપર પ્રતિબંધ મૂકવાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો પરંતુ સંકેત આપ્યો હતો કે હવે થોડાક મહિનાઓમાં આ સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. સરકારે સોના ઉપર કસ્ટમ ડ્યુટીને વધારીને ૧૦ ટકા કરી હતી. ત્યારબાદ આરબીઆઈએ સીએડીને ઘટાડવાના હેતુસર નિકાસ સાથે પણ આને જોડીને આયાત નિયંત્રણો લાદી દીધા હતા. છેલ્લા નાણાંકીય વર્ષમાં સીએડીનો આંકડો ૮૮ અબજ ડૉલર સુધી પહોંચી ગયો હતો.



આ વર્ષે સરકારને સીએડીના આંકડાને ઘટાડીને ૫૦ અબજ ડૉલર સુધી લાવી દેવામાં આવે તેવી આશા દેખાઈ રહી છે. સોની આયાતને ઘટાડવાના પ્રયાસો કરવામાં આવનાર છે. નાણાં પ્રધાન ક કાર્યક્રમમાં વાતચીત કરી રહ્યા હતા. ડ્યુટીને ઘટાડવાના સંદર્ભમાં વાતચીત થઈ શકે છે. સોનાની આયાત ઉપર નિયંત્રણો લાદવામાં આવ્યા બાદ વેપારી સમુદાયે પણ આની સામે વાંધો ઉઠાવ્યો હતો. ચિદમ્બરમ્ કબૂલાત કરી છે કે સોનાની દાણચોરી વધી છે પરંતુ સોનાની આયાત ઉપર નિયંત્રણ બિલકુલ વાજબી છે. કારણ કે નિયંત્રણોના લીધે જ એપ્રિલ-મે મહિનામાં આયાતમાં ઘટાડો થયો હતો. મે મહિનામાં સોનાની આયાત ૧૬૨ ટન સુધી પહોંચી ગઈ હતી જે નવેમ્બર મહિનામાં ૧૯.૩ ટન થઈ ગઈ છે. સરકાર અને આરબીઆઈના પગલાંના કારણે આયાત ઉપર અંકુશ મૂકવામાં સફળતા મળી હતી. જો કે દાણચોરીના દૂષણને રોકવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે સરકારને સોનાની આયાતના મામલે ઝડપી પગલાં લેવા પડશે. આર્થિક મુદ્દાઓને લઈને યુપીએ સરકારની ટીકા વધારે થઈ રહી છે.

### નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

અંજલી એવું અનુભવે છે કે તે અને અભિનવ જાણે હમણાં જ કોઇ સામાજિક અપરાધ કરીને હટ્યા છે અને સજાની રાહ જોતાં છોડવામાં આવ્યા છે. તેને અમુંઝણ થાય છે. એક વિરોધ શ્વાસની સાથે અંદરથી ઉઠે છે. તે બેટી તઇ જાય છે. બાર પાસે પહોંચે છે. 'ઓફિસર્સ ચોઇસ'ની બોટલ કાઢે છે. સોડા ભેળવતાં ગ્લાસ છલકી ઉઠે છે. તે અભિનવને ગુનેગારની જેમ જોવા લાગે છે. તેના તરફ કતરાય છે. તે જોર જોરથી શ્વાસ લઇ રહ્યો છે. અંજલી હચમચી જાય છે. તે પગ પછાડતી પથારા સુધી આવે છે અને નાઇટીમાંથી નીકળતી પોતાની જંઘ પર હથેળી મુકતા બબડે છે.'ઉઠ અભિનવ, ચાલ આંખો ખોલ, હું જતી રહી છું. મારી તારા પ્રેમની ટાઢક જોઇએ... નહીં ઊઠે... ઊભો રે.. તો' કહેતાં અંજલી પાછળ ફરે છે. સામે ટી.વી. અને તેની ઉપર ચાબુક ચમકી રહી છે. તે અભિનવ જ એક વાર લઇ આવેલો. શો પીસ માટે, પરંતુ અત્યારે અંજલી એ ચાબુકથી બીજો જ શો કરવા જઇ રહી છે. તે અભિનવના પગ પાસે ઊભી રહી જોરથી ચીડ પાડે છે.'ઉઠ નામર્દના બચ્ચા બતાવ તારી મર્દાનગી. જો તારે જોઇએ તેવી હું સ્ત્રી છું. હવસ ભૂખી સ્ત્રી, મારે અત્યારે એક મર્દ જોઇએ. હું કહું છું ઊભો થા નહીંતર... પણ અભિનવ ઉઠતો નથી. આક્રોશથી અંજલી હાથમાંનો ચાબુક અભિનવ પર વીંઝવા લાગે છે. પહેલો પ્રહાર... બીજો પ્રહાર... ત્રીજો પ્રહાર... અભિનવ ગાઢ બેભાનાવસ્થા જેવી ઊંઘમાં કણસે છે. અંજલીનો હાથ અટકી જાય છે. અભિનવ ચિત્કાર કરતો પડખું ફરે છે. અંજબી ચાબુક ફેંકી દે છે અને સ્કૂલ પર બેસી જોર જોરથી રડવા લાગે છે.'

- vanvihari@gmail.com

## પૂર્વ કેન્દ્રિય પ્રધાનના આવાસ ઉપર સીબીઆઈ દરોડાથી ચકચાર

ભોપાલ,તા. ૨૮

બોકારો સ્ટીલ પ્લાન્ટમાં ભરતીમાં કૌભાંડના સંદર્ભમાં ભોપાલમાં આજે ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અને ભાજપના વરિષ્ઠનેતા સત્યનારાયણ જતિયાના આવાસ પર સીબીઆઈના અધિકારીઓએ વ્યાપક દરોડા પાડ્યા હતા. જતિયાના ધનબાદ ખાતેના આવાસ પર એસીબીની ટુકડીએ દરોડા પાડ્યા હતા. સત્તાવાર સૂત્રોએ કહ્યુ છે કે તેમના પુત્ર પૈકી એકની ૨૦૦૮માં બીએસએલ દ્વારા ભરતી કરવામાં આવી હતી. રાજ્યસભાની ચૂંટણી માટે નોમિનેશન પેપર દાખલ કરી ચુકેલા સત્યનારાયણ જતિયાએ કહ્યુ છે કે તેમના પુત્રની નિમણૂંકના સંદર્ભમાં કોઈ પણ છેતરપિંડી કરવામાં આવી નથી. જતિયા મધ્યપ્રદેશના ઉજ્જૈન મતવિસ્તારનું નેતૃત્વ કરે છે. જતિયા ૧૯૯૯થી ૨૦૦૪ વચ્ચે કેબિનેટ પ્રધાન હતા અને તેમની પાસે શ્રમ અને સામાજિક ન્યાય ખાતુ હતુ. તેમના પુત્રની મેરિટના આધાર પર પસંદગી કરવામાં આવી હોવાનો દાવો જતિયાએ આજે કર્યો હતો.

દરોડાના સંદર્ભમાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુ કે અધિકારીઓ તેમની ફરજ પૂરી કરી શકે છે. કોઈ ધારાધોરણોનો ભંગ કરવામાં આવ્યો નથી. ભાજપે કહ્યુ છે કે જતિયાના આવાસ પર દરોડા રાજકીય નેતાને બદનામ કરવાના કોંગ્રેસના અને કેન્દ્રના કાવતરાના ભાગરૂપે છે. રાજ્યસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરે તે પહેલા તેમને બદનામ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. પક્ષના રાજ્યપ્રમુખ નરેન્દ્રસિંહ તોમરે કહ્યુ છે કે સીબીઆઈનો ઉપયોગ કરવાની જૂની પરંપાર રહી છે. ઘણા ઉમેદવારોની ધારાધોરણ નક્કી કરીને પસંદગી કરવામાં આવી હતી.

## નવા પાનકાર્ડમાં ખર્ચ ૧૦૫ રૂપિયા જ રહેશે

નવી દિલ્હી,તા. ૨૮

આવકવેરા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા નવા પાનકાર્ડનો ખર્ચ ટેક્સ સહિત ૧૦૫ રૂપિયા થશે. આઈટી વિભાગ દ્વારા હાલમાં જ નવા પાનકાર્ડની ફાળવણી માટે વ્યક્તિગત અથવા કંપનીના અંગત અને સંબંધિત ડેટામાં ચકાસણી કરવા માટે નવા ધારાધોરણ જારી કરી દીધા છે.ત્રીજી ફેબ્રુઆરીથી સીબીડીટી દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યા બાદ પાનકાર્ડ મેળવવાની બાબત મુશ્કેલરૂપ બનશે પરંતુ ખર્ચમાં ઘટાડો થશે. આઈટી વિભાગની ટેકનોલોજી સિસ્ટમ ભૂલ વગરની બની જશે.

## ભુલ્લરની અરજી ઉપર સુપ્રીમ સુનાવણી કરશે

નવી દિલ્હી,તા. ૨૮

સુપ્રીમ કોર્ટ ખાલીસ્તાન લિબરેશન ફોર્સના આતંકવાદી દેવિન્દરપાલ સિંહ ભૂલ્લરની અરજી પર ખુલ્લી કોર્ટમાં સુનાવણી કરવા સહમત થઈ ગઈ છે. ભુલ્લરે સપ્ટેમ્બર ૧૯૯૩ના બ્લાસ્ટ બદલ તેને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખવાની માંગ કરીને અરજી કરી છે. ચીફ જસ્ટિસ પી સથાશિવમ અને જસ્ટિસ આરએન લોધા, એચએલ દત્તુ અને એસજે મુખોપાધ્યાયની બનેલી બેંચે ભુલ્લરની પત્નિ નવનીત કૌર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરવા રાજી થઈ ગઈ છે. ખુલ્લી કોર્ટમાં સુનાવણીને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૨૧મી જાન્યુઆરીના દિવસે પાંચ જજની બંધારણીય બેંચે ઠેરવ્યુ હતુ કે સરકારના પક્ષે અસામાન્ય વિલંબના લીધે મૃત્યુદંડના અપરાધીઓની દયાની અરજી અંગે વિચારણા થઈ શકે છેઅને આ વિલંબના કારણે તેમની મૃત્યુદંડની સજા આજીવન કારાવાસમાં ફેરવી શકાય છે. ભુલ્લરની પત્નિ સુપ્રીમ કોર્ટના ચૂકાદા સામે અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ભુલ્લરની મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખવાની અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે ૨૬મી માર્ચ ૨૦૦૨ના દિવસે મૃત્યુદંડની સજા સામે ભુલ્લરની અરજીને ફગાવી દીધી હતી.

## પાન મસાલા તથા ગુટખાના ભાવ વધ્યાં

નવી દિલ્હી,તા. ૨૮

પાઉચમાં વેચાતાં પાનમસાલા, ગુટખા અને અન્ય કેટલીક તમાકુની પ્રોડક્ટ વધુ મોંઘી થઈ ગઈ છે. કારણ કે સરકારે મહેસૂલી રકમને વધારવાના છેલ્લી ઘડીના પ્રયાસ રૂપે એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઝીંકી દીધો છે. નાણાંમંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં એક્સાઈઝ ડ્યુટીમાં વધારાના કદ અંગે માહિતી આપવામાં આવી નથી પરંતુ જણાવવામાં આવ્યુંછે કેઆ કરવેરામાં ઉત્પાદનની ક્ષમતા સાથે સંબંધિત રહેશે. પેકીંગ મશીનમાં વધારો થવાના કારણે આ વધારો ઝીંકવામાં આવી રહ્યો છે. ગુટખા અને પાનમસાલા ઉપરાંત અન્ય તમાકુની પેદાશો, અનફિલ્ટર ખેણી, અનમેન્યુફેક્ચર્ડ તમાકુની કિંમતમાં પણ વધારો થશે. ટેક્સમાં વધારો લોકો ઉપર ઝીંકવામાં આવી રહ્યો છે જેથી કિંમતોમાં તાત્કાલિક વધારો થઈ ગયો છે. જો કે નાણાં મંત્રાલયે હાલના તબક્કે સિગારેટ ઉપર ટેક્સમાં કોઈ વધારો કર્યો નથી. સરકારે દેશની અંદર વધુ પ્રોસેસીંગને પ્રોત્સાહન આપવા ખનીજના સ્થાનિક ઉપયોગને વધારવાના પ્રયાસરૂપે આયર્નઓર ઉપર પાંચ ટકાની નિકાસ ડ્યુટી લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. ઘણી બધી બાબતોને ધ્યાનમાં લઈનેઆ નિર્ણય લેવાયા છે.

સરકારે અગાઉ આયર્નઓર ફાઈન્સ અને લમ્સ ઉપર ૩૦ ટકાની એક્સાઈડ ડ્યુટી લાદી હતી હવે કરવેરાની જારને વધુ વિસ્તૃત બનાવવામાં આવી છે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે બેવડા વધારા પાછળ કેટલાક હેતુ રહેલા છે. નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ્ વચગાળાનું બજેટ રજૂ કરે તે પહેલાં આ જાહેરાત કરાઈ છે. કરવેરા મહેસૂલની રકમમાં ઘટાડો થતાં આવક વધારવા કેટલાક પગલાં લેવાયા છે. આ હિલચાલથી સરકારને ૬૦૦થી ૭૦૦ કરોડ રૂપિયા મળશે. અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકાશે. ડિસેમ્બર સુધી વર્તમાન નાણાંકીય વર્ષમાં પ્રથમ નવ મહિનામાં પરોક્ષ કરવેરા મહેસૂલમાં ઘટાડો થયો છે. સેન્ટર બોર્ડ ઓફ એક્સાઈડ એન્ડ કસ્ટમ દ્વારા વસૂલાતમાં ઘટાડાને રોકવા પગલાં ઉપર વિચારણા ચાલી રહી છે. આ જ દિશામાં મહેસૂલી આવક વધે તે માટે પગલાં લેવાયા છે.

## ૧૯૮૪ના રમખાણના મામલે રાહુલના મતની ઉગ્ર ઝાટકણી

નવી દિલ્હી,તા. ૨૮

ભાજપના વરિષ્ઠનેતા અરૂણ જેટલીએ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની આજે જોરદાર ઝાટકણીકાઢી હતી. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારે ૨૦૦૨ના રમખાણોને ભડકાવવામાં ભૂમિકા ભજવી હતી તેવા રાહુલના નિવેદનને લઈને અરૂણ જેટલીએ નારાજગી વ્યકત કરી હતી. રાહુલે એક મુલાકાતમાં કહ્યુ હતુકે ગુજરાતના રમખાણો માટે ભાજપ સરકાર જવાબદાર હતી. ભાજપના વરિષ્ઠ નેતાએ તેમના બ્લોગમાં કહ્યુ છે કે રાહુલ ગાંધીના અભિપ્રાયને લઈને તમામને આશ્ચર્ય થાય તે પ્રકારનું છે. જેટલીએ લખ્યુ છે કે ૧૯૮૪માં ખૂન કા બદલા ખૂન સ્લોગન જોવા મળ્યુ હતુ. એમ્સમાં ઈન્દિરા ગાંધીનો મૃતદેહ મૂકવામાં આવ્યો હતો ત્યાં ૩૧મી ઓક્ટોબર ૧૯૮૪ના બપોરે આ સ્લોગન સાથે હિંસાની શરૂઆત થઈ ગઈ હતી. હજારો જગ્યાએ શિખો પર હુમલા કરવામાં આવ્યા હતા. જ્યાં પોલીસે ગોળીબાર ન કર્યો હોય તેવી કોઈ જગ્યા બચી ન હતી. કેસોમાં તપાસ પણ કરવામાં આવી નથી. તપાસ પંચની રચના થઈ હતી તે શરમજનક રીપોર્ટ સાથે અહેવાલ આપી ચુક્યા છે. કમિશનનું નેતૃત્વ કરતા જજને રાજ્યસભાના કોંગ્રેસના સભ્ય બનાવી દેવામાં આવ્યા હતા. ભોગ બનેલા લોકોને હજુ પણ ન્યાય મળ્યો નથી. મોદીનો બચાવ કરતા જેટલીએ કહ્યુ હતુકે ગુજરાતમાં હજારો લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેટલીએ એક પછી એક આરોપોનો મારો ચલાવ્યો હતો.

## સમાચાર ઝલક

- ઇજિપ્તના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સામે જેલ તોડવાનો કેસ ચાલશે.
- કેરળ કોર્ટે ૧૧ જણને આજીવન કેદની સજા ફરમાવી રાષ્ટ્રવાદી નેતાની હત્યા બદલ સજા કરવામાં આવી.
- સરકારને કોર્ટના હુકમ સિવાય અશ્લીલ વેબસાઇટો ઇન્ટરનેટ પરથી અટકાવી શકાય તેમ નથી.
- અમરેલીમાં ૭૪ વર્ષની વૃદ્ધા પર દુષ્કર્મ આચરાયું.
- દિલ્હીમાં લજપત નગરમાં વેપારી પાસેથી ૬ કરોડની લૂંટ.
- ગુજરાત રીફાઇનરી સામે મહિલાનો આત્મ વિલોપનનો પ્રયાસ.
- પ્રાંતિજમાં એ.ટી.એમ. ચોરવાનો નિષ્ફળ પ્રયાસ.
- ભૂજના તલવાણા ગામના તલાટીને લાંચ કેસમાં કોર્ટે સજા ફટકારી.
- સલમાન સામે હિટ એન્ડ રનના કેસમાં મહારાષ્ટ્ર રાજય સરકાર અપીલ નહી કરે.
- બોપલમાં છેડતી બાબતે અથડામણમાં ૧૮ લોકોની પોલીસે અટકાયતી કરી.
- ભારત ન્યુઝીલેન્ડ સામે ક્રિકેટમેચ સિરીઝ હાર્યું.
- રાજકોટમાં મનપાના ઇજનેર પર હુમલો થતાં કર્મચારીઓમાં રોષ ભભૂક્યો.
- બાયડ તાલુકાના આમોદરા પ્રાથમિક શાળામાંથી ખુરશીઓ તસ્કરો લઇ ગયા.
- સજાતીય સંબંધોની કેન્દ્ર સરકારની પુનઃવિચારણાની માંગણી સુપ્રીમે નકારી.
- મુંબઇમાં રિલાયન્સની ઓફીસમાં મનસે કાર્યકરોએ તોડફોડ કરી.
- મહેસાણા દૂધસાગર ડેરીના મેનેજીંગ ડિરેક્ટરની ધરપકડ સામે કર્મચારીઓનાં ઉગ્ર દેખાવો.
- ગુજરાતના પરિમલ નથવાણી ઝારખંડમાં રાજયસભામાં બિનહરીફ ચૂંટાશે.